GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

# जानकीजीवनम् મહાકાવ્યમાં નિરુપિત સીતા

મહેશકુમાર રચજીભાઈ મહેરા
પીએચ.ડી.શોધાર્થી,
એસ.જી.જી.યુ. વિંઝોલ.

***સારાંશ***

*અભિરામ રાજેન્દ્ર મિશ્ર દ્વારા રચવામાં આવેલ " **जानकीजीवनम्** " મહાકાવ્યમાં સીતાનુ અનુપમ રીતે વર્ણન કરવામાં આવ્યું છે સીતા ધીરોદાત્ત ગુણોથી સંપન્ન 'સ્વકીયા',મુગ્ધા નાયિકા છે. સીતા અનુપમેય ગુણોથી સંપન્ન, પતિવ્રતા, કુલીન સન્નારી છે. વિનીત, સરળ, શીલ, સદાચાર, લજ્જાશીલ, મૃદુભાષિણી, ગૃહકાર્યોમાં કુશળ, પતિ અનુગામિની, દયા, દાક્ષિણ્ય ગુણોથી યુક્ત નારી રત્ન છે. **रूपशीलगुणविनयविभूतिं स्वयंवृत्तां कनकङ्गीम्** | જાનકીના સમઉજ્વલ ચરિત્રની વિશેષતાઓનું સંકલન કર્યુ છે.*

**ચાવીરૂપ શબ્દો: जानकीजीवनम्, મહાકાવ્ય, સીતા, નાયિકા**

**1.દેવોપમ સૌંદર્ય સંપન્ન**

સીતા અદભૂત સૌન્દર્યથી યુક્ત છે. બાલ્યાવસ્થામાં જ તેમની શોભા અપાર હતી.

प्रफुल्लपध्मस्थमधुव्रताक्षी मनोज्ञचारुस्मितशोभिवक्त्रा |
सुरालवस्था बलिदीपिकेव प्रमोर्ध्यचक्रं  प्रमोर्ध्यचक्रं परितः किरन्ती ||
कलेव चान्द्री स्फुटचारुशोभा ज्वलध्दता शप्रतियातनेव |
लतेव मालेव धरासुतेव प्रमोहविध्धं विदधे जनं सा ||

**2.શ્રેષ્ઠ પતિવ્રતા**

સીતાના બીજા પ્રાણની સમાન, પવિત્ર આચરણવાળી અને પ્રિય પર સર્વાત્મના અપતિ પતિવ્રતા છે. પતિ અનુગામીની, સદાચારીણી તે પ્રિયતમના સાહચર્યને જ પરમ શૌભાગ્ય મને છે.

પતિના સુખ–વૈભવથી જ જેને સુખ મળે છે, પતિના દુઃખથી જ તે શુભાંગી દુઃખી થઇ જાય છે. તથા રામના નિશ્વાસથી જ જીવે છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

**विभवेन बभूव यत्सुखं ननु पीडा तव पीडया ध्रुवम् |**

**श्वसितैश्च  ततैव जीविता तव सिता ||**

**3.દિવ્યતા**

સીતા અલૌકિક ગુણોથી મંડાયેલી ધરાની ગોદથી અવતરિત થઈ છે. દેવોપમ સૌંદર્ય, શીલ, સદાચારની ઉત્કૃષ્ટતા, પ્રકૃષ્ટ સહનશક્તિ, અનુપમ પતિવ્રતા, ચરિત્રનું ગૌરવ તેમના ચરિત્રની દિવ્યતાને દર્શાવે છે. તેમનો જન્મ જ દિવ્ય છે. જમીનમાંથી પ્રગટ થઇ છે.

**गृहाण सीरध्वज देवदत्तां सुतामिमां मर्त्सितलोकशोकाम् |**

વિદેહનંદિની હડથી ખેતરને ખેડતાં પ્રાપ્ત થવાના કારણે સીતા નામથી પ્રખ્યાત થઈ.

**4. મુગ્ધા**

સીતા 'સ્વકીયા' મુગ્ધા નાયિકા છે. જેમાં પહેલાં યૌવનનો ઉદભવ થયો છે. બાલ્યાવસ્થામાં રમતોનું સ્થાન યૌવન માટે લેવામાં આવ્યું છે. યૌવનના પદાર્પણની સાથે જ સીતામાં અપૂર્વ ક્રાંતિનો સંચાર થઇ ગયો છે. તથા શારીરિક પરિવર્તનોને જાણીને સીતા ધીરગંભીર ગતિવાળી બની છે.

**5. તેજસ્વીની**

સીતા વિષમ પરિસ્થિતિઓમાં ધૈર્ય રાખવાવાળી, નાર્યોચિત ગરીમાથી ઓતપ્રોત તેજસ્વીની નારી છે. જેના તેજની સામે ત્રિલોક વિજયી રાવણ પણ નિસ્તેજ થઈ જાય છે. મૃગયા માટે ગયેલા પરાક્રમી રામ અને લક્ષમણ સિવાય ઝુપડીમાં એકલી મૈથિલીની સામે  વધારે બળવાળી, પ્રચંડ યોદ્ધા,વિકરાળ રાક્ષસ રાજ રાવણ આવીને ઉભો થઈ જાય છે. તથા પોતાની ભવ્ય સમૃદ્ધિનું વખાણ કરી

મૈથિલીને પોતાની તરફ આકૃષ્ટ કરવા માગે છે. પરંતુ પતિમાં અનન્યથી અનુરક્ત નિર્ભય સીતા આ પ્રપંચીનાં જાળને સમજતા તેની ભાત્સના કરે છે. રાક્ષસોના નિવાસથી ભયંકર બનેલી અરણ્યભૂમિમાં રક્ષક પતિ અને દેવરથી રહિત પર્ણકુટી સામે રાક્ષસ રાજ રાવણની હાજરી હોવા છતાં પણ ઓજપૂર્ણ વક્તવ્ય સીતાના તેજસ્વી વ્યક્તિનું પરિચાયક છે.

**6. સ્વાભિમાની**

આ મહાકાવ્યનું આ સૌથી કરુણાજનક પ્રસંગ છે. જેમાં સીતા દીર્ઘ વિયોગના તાપને સહન કરી, વધારે ઉમંગથી આહલાદકથી, વિસ્મયથી, ભયથી, લજ્જાથી સંકોચાયેલી, રાઘવ તરફ જવાં લાગે છે રાવણ તરફ તેનો આક્રોસ એ તેની સ્વાભિમાની હોવાનું પુરવાર કરે છે.

**7. ધર્મપરાયણ**

સદાચારીણી સીતા ધર્મના રસ્તા પર અડગ છે. તેમની ધર્મપરાયણતા ન તો જંગલનાં કાટાવાળા રસ્તા પર ડગમગાઈ કે ન તો રાવણના ઐશ્વર્ય તથા વિકરાળતા સામે નતમસ્તક થઈ.નારી મર્યાદાને અક્ષુણ રાખતાં તેમણે નારી ધર્મને ઉચ્ચતમ સોપાન પર પહોચાડ્યું છે.

**8. મનમોહ પુત્રી**

પ્રભાવમયી સીતા મનોહર બાળક્રીડાઓથી માતા–પિતાને આહલાદિત કરતી હતી. અનુપમ શીલ,સૌંદર્ય, ઔદાર્યથી સંપન્ન આ છોકરી બધાની મનભાવન બનેલી છે. પોતાનાં ઉત્તમ ગુણો અને શોભા યોગ્ય આચરણ દ્વારા જનક નંદિની માતા–પિતાની પ્યારી બની રહી છે.

**9. સુલક્ષણા કુલવધુ**

શ્રેષ્ઠ સંસ્કારોથી પૂર્ણ વૈદેહી રઘુકુળની મર્યાદાને અનુરૂપ રહેવાવાળી સુલક્ષણા કુલવધૂ છે. જનકરાજાની પાસેથી પ્રાપ્ત કરેલ શિક્ષણને પૂર્ણરૂપથી જીવનમાં અંગીકાર કરી તેમને રઘુકુળની કીર્તિની રક્ષા કરી છે. દશરથને પિતા અને કૌશલ્યા, કૈકયી, સુમિત્રાને તેઓ માતા માની તથા તેમની પ્રત્યેક આજ્ઞાને શિરોમાન્ય કરી છે. પતિને જ સર્વસ્વ, ત્રણેય દેવારોને પોતાનાં ભાઈની સમાન માન્યા છે. અંતઃપુરમાં વિદ્યમાન સખીઓના સમુહને બહેનોની સમાન માન્ય છે. વૃદ્ધ તથા ગુરુજનો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. સીતાએ પ્રીતીપૂર્ણ, મધુર વ્યવહારથી બધાને પ્રસન્ન રાખ્યા છે. તથા નિર્દોષ સેવાથી બધાનાં હ્રદયમાં વસી ગયા છે.

**10. પ્રેમમયી પત્ની**

સીતા રામને અનન્યભાવથી પ્રેમ કરવાવાળી પ્રેમમયી પત્ની છે. જે સુખ–દુઃખમાં છાયાની સમાન સાથે રહેવાવાળી અર્ધાંગીની છે. સીતાનો રામ પ્રત્યે પ્રેમ આદર્શ છે. સ્વયંવર વિધિના માધ્યમથી દીપ્તિ સમાન

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

સીતા રામની પત્ની બની. સીતા રામની પત્ની બનતાં જ શુભાંગી સિતાએ સદૈવ પ્રેમની મર્યાદાને નિભાવી છે. પતિના ગૌરવ યશને સદૈવ વધાર્યું છે. રામની પ્રસન્નતા માટે વિવાહ મંડપમાં જ પ્રેમની મર્યાદાની અનુકુળ મૃદુભાષીણી સીતા પોતાની ઉત્કૃષ્ટ પ્રીતિનો પ્રકાશ પાડે છે.

**11. વાત્સલ્યમયી મા**

સુકુમાર લવ–કુશની મનોહર છવીને જોઇને સીતાનું વાત્સલ્ય છલકાતું જોવા મળે છે. વિદ્યાધ્યયન માટે પુત્રોને ગુરુકુળમાં જવાનું નિશ્ચિત થઇ જાય છે. છતા પણ તે વાત્સલ્ય યુક્ત થઈને રામ સામે હઠ પકડે છે. ગુરુકુળમાં જવાની વાત સાભળીને ભાવવિહળ થઇ જાય છે.

આમ, સીતાની ગરિમામય ચરિત્ર વિવિધ સ્પૃહણીય ગુણોના સમન્વયથી વિલાસીત છે. સીતામાં અનન્ય પતિ ભક્તિ, ભરત, લક્ષણ, શત્રુધ્નની સાથે નિર્દોષ વાત્સલ્ય પ્રેમ, સાસુઓનાં પ્રતિ સેવાભાવ, સેવકોની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર, પિયરીયામાં તથા સાસરિયામાં બધાની સાથે આદર્શ પ્રીતિ તથા બધાને સન્માન આપવાની તેની ઈચ્છા સહૃદય દયા,કરુણામયીપૂર્ણ સીતા દાનશીલ, અતિથી સત્કાર માટે તૈયાર, ઋષિ તથા દેવ પૂજા માટે હંમેશા તૈયાર રહે છે. સીતામાં લવ–કુશ જેવા વીર પુત્રોનું માતૃત્વ, સાહસ, ધૈર્ય, વીરત્વ તથા આદર્શ ધર્મપરાયણતા વગેરે બધા ગુણ પૂર્ણ વિકસિત તથા સર્વથા અનુકરણીય છે.

**સંદર્ભસૂચિ**

અભિરાજ રાજેન્દ્ર મિશ્રા, जानकी जीवनम्.